|| સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સનાતન ધર્મ પત્રિકા

કાર્યાલય: પ૦૧ - પ૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા દેહગામ રોડ, એસપી રિંગરોડ પાસે, નરોડા - અમદાવાદ ૩૮૨ ૩૩૦.

● સં. ૨૦૭૪ ● ભાદરવા સુદ-૯ ● તા. ૨૩-૦૮-૨૦૨૦ ● ગુરુવાર SDP NO: 131 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

સમાજનું ગૌરવ

અધિક કલેક્ટર તરીકે ક. ક. પા. સમાજ નું ગૌરવ એવા અશોકભાઈ લિંબાણી નું સ્વાગત સાથે સન્માન થયું હતું.

તારીખ ૨૫-૮-૨૦૨૦ ના રોજ ગ્રીન લેન્ડ કાઉન્સિલ નાં અગ્રણીઓ એ આપણી સમાજ નું ગૌરવ એવા અધિકારી શ્રી અશોકભાઈ ડી. લિંબાણી (એ. ડી. એમ. કલેક્ટર) પાલનપુર ની શુભેચ્છા મુલાકાત લઈ શુભેચ્છાઓ પાઠવેલ હતી.

વર્ષ ૨૦૦૬ માં તેઓની મામલતદાર તરીકે પહેલી નિમણૂંક વલસાડ જિલ્લા માં કાપરડા તાલુકા માં થયેલી.. ત્યારબાદ વડોદરા જિલ્લા માં કરજણ અને પાદરા તાલુકા તેમજ આણંદ ગ્રામ્ય માં સેવા આપી અને પ્રાંત અધિકારી તરીકે અમરેલી માં પ્રમોશન મળ્યા બાદ લાઠી, અને પછી તો મોટી સાહેબ ના ટ્રિમ પ્રોજેક્ટ પોલેરા ના આયોજન માં તેમની નિમણૂંક ખાસ એટલે કરવામાં આવી કે તેઓ એન્જીનીયર બની ને સરકારી સેવા માં નિમણૂંક થાય તો સ્માર્ટ સીટી નું આયુ આયોજન આવા જાણકારી ધરાવનાર અધિકારી કરી શકે... આમ ગાંધીનગર ની એમને મોટીજ બાદ આનંદીબેન ના વિજયભાઈ રૂપાણી એમ ત્રણ મુખ્યમંત્રી ની ટિમ માં કાર્ય કરવાનો તેમને લાભ મળ્યો..

હાલ જ અધિક કલેક્ટર તરીકે એમની બદલી સાથે નિમણૂંક પાલનપુર જિલ્લા માં કરવામાં આવી, તે આપણી સમાજ નું આપણા સમક્ષ ભાઈ (પાટીદાર સંદેશ તંત્રી) બાદ નું અનેરું ગૌરવ છે.

યુવાસંઘ ના ગ્રીનલેન્ડ કાઉન્સિલ PDO અરવિંદભાઈ વેલાણી (ગણેશ ફાર્મ અમીરગઢ)

સાબર રિજિયન બજરનવી ચિતેરાભાઈ રૂડાણી (મોહન પુરા કંપા ઈકબાલગઢ) અમીરગઢ રિજિઝન સલાહકારશ્રી દિલીપ ભાઈ નાકરાણી (ડિમિયા ફાર્મ અમીરગઢ) અને કાર્યકર્તા સુરેશભાઈ સેંધાણી (રામગઢ ફાર્મ અમીરગઢ) તેમજ ઉત્તર ગુજરાત રિજિયન સભ્ય ભાવેશભાઈ ચૌહાણ (પાલનપુર) સી સાથે રહી તેઓને શુભેચ્છા પત્ર અને ધુપ્પ ગુચ્છ અર્પિત કરેલ.

અને જિલ્લા ના અધિકારી અખણ્ડ ક. ક. પા. સમાજ ના યુવા હોવાનું ગૌરવ અનુભવેલ.

અશોકભાઈ પોતાના પ્રયાસો ના પૂર્વ રિજીયન ચેરમેન કનુભાઈ લિંબાણી જે ઓઢવ સમાજ ના અગ્રણી છે તેમના કઝીન ભાઈ છે.

આપણે સહુ મિશન ૨૦૨૦ નું ગૌરવ લઈ શકીએ તેવા વિનિગ સિક્સનની આપણે અનુભૂતિ કરી શકીએ એમ છે..

ટિમ પ્રચાર પ્રસાર સમિતિના સર્વે સભ્યો શ્રી અશોકભાઈ લિંબાણી એ. ડી. એમ. કલેક્ટર ને તેમની અવિષ્યની સુંદર કારકિર્દી બદલ શુભકામનાઓ પાઠવે છે.

મિશન અભિમન્યુ નો રાષ્ટ્રીય ભાવના ઉજીગર કરવાનો અનોખો અભિગમ

ઉગતા સુરજના જયાં પહેલા કિરણો સ્પર્શ કરે છે અને આઝાદી નો પહેલો અનુભવ પણ જયાં થયો એવા નવયેતન રિજિયન મા ઓનલાઈન મિશન અભિમન્યુ ના ઘણા સંસ્કાર શેસન લેવામા આવે છે.

ઓગસ્ટ મહિનો એટલે આપણા રાષ્ટ્રની આઝાદી નો મહિનો જેમાં ૧૫ થી ૧૭ ઓગસ્ટ દરમિયાન ઓન લાઈન મિશન અભિમન્યુ મા સ્વતંત્રતા દિવસ ઉજવવામાં આવ્યો હતો.

આ ત્રણ દિવસમાં બાળકોએ પોતાની પ્રતિભા ખીલવવા નાં સુંદર પ્રયાસ કર્યાં, જેમાં કવિતાઓ, ડ્રોઈંગ, ડાંસ, સિંચન, ગીત ઈત્યાદિ નુ પ્રસ્તુતિ કરણ કરવામાં આવેલ.

આ ૧૫ ઓગસ્ટ ના દિવસે ભાળકો ની બહુમુખી પ્રતિભાઓ ની પ્રસ્તુતિ જોઇ ને લાગ્યુ કે, આ બધા અભિમન્યુઓ એ મળીને સૌ ને દેશ ભક્તિ ના રંગે રંગી દીધા.

બાળકો એ પોતાના પસંદ ના ટોપિક લિલેકર કર્યા અને ઘરે રહીને ડિજિટલ માધ્યમથી ૭૪ માં સ્વાતંત્ર્ય પર્વ ની ઉજવણી કરી બતાવી.

જય હિન્દ.

મિશન અભિમન્યુ મેંટર ટીમ, NCR Region અનસૂયા લીંબાણી, હાજરા - કોલકતા

---------- બ્રેકિંગ ન્યૂઝ ----------

ભારતીય જનતા પાર્ટી નું મોટું પગલું.

કચ્છમાં પલના મેન્ડેટ વિરુધ્ધ કામગીરી બદલ ૧૩ સસ્પેન્ડ.

પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલ દ્વારા કરાયા આદેશ.

રાપર નગરપાલિકામાં પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીમાં પાર્ટી વિરુદ્ધ કામગીરી કરી હતી.

રાષ્ટ્રને મદદરૂપ થતાં DMG મહાડ યુવા મંડળના ભાઈઓ

- કિશોરભાઈ પોકાર, (DMG PRO) કચ્છકવલી



આપણી શાતિજનના સભ્યો જનસેવા માટે હમેશાં તૈયાર હોય છે. ભલે તે કુદરતી, માનવીય, અથવા કોઈ પણ પ્રકારની અન્ય હોનારત હોય તેમાં આપણી સમાજના દરેક સભ્યો દર હમેશાં મદદે સી પ્રથમ હોય છે.

આવીજ એક દુર્ઘટનામાં આપણા નવયુવાનોએ જે અમૂલ્ય યોગદાન આપ્યું છે તે ખરેખર પ્રશંસનીયછે.

મહાડ શહેરમાં સોમવારે સાંજે ૬:૦૦ કલાકે.. દસ વર્ષ જુની પાંચ માળની "તારીક ગાર્ડન" નામની બિલ્ડીંગ મોટા અવાજ સાથે તૂટી પડતાં ૩૦ કરતાં પણ વધારે રહેવાસીઓ કાટમાળમાં ફસાઈ ગયા હતા.

હાલમાં ચાલી રહેલ વૈશ્વિક કોરોના વાયરસ સંક્રમણના કારણે બ્લડ બેંક મા બ્લડ ની અછત હોવા ની જાણ થતા જ DMG રિજિયન ના મહામંત્રી ઈશ્વર ભાઈ પોકાર, DMG ના Health and Disaster ના કન્વીનર દિનેશ ભાઈ પોકાર, સ્થાનિક યુવા મંડળના ના પ્રમુખ સુરેશ ભાઈ પોકાર, DMG ના webcom ના કન્વીનર દિપક રામાણી, યુવા મંડળ ના મહામંત્રી નરેન્દ્ર પોકાર તેમજ મહાડ યુવા મંડળ ના યુવા ભાઈઓ મોટી સંખ્યામાં પોતાની નૈતિક ફરજ સમજી બ્લડ ડોનેટ કરવા માટે આગળ આવીને સામાજિક કામ ને રાષ્ટ્રહિત નું ઉમદા કાર્ય કરી આપણી શાતિજનનો નું સન્માન વધાર્યું હતું .

ટિમ : પ્રચાર પ્રસાર સમિતિનાં સભ્યો DMG રિજિયન ના હોદેદારો, સભ્યો, મહાડ યુવામંડળ ના સભ્યો અને મહાડ સમાજનો આભાર માને છે.

પ્રકૃતિ ની થઈ મહેર - ભરપૂર સૌંદર્યથી સજ્યું કચ્છ



ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ મંદિર ના શિખર સાથે મેઘધનુષ ના સાતેય રંગો નુ નયનરમ્ય દ્રશ્ય

ભગવાને અપાર અનુભૂતિ કચ્છ ની પ્રકૃતિ ને ૨૦૨૦ માં આપી છે. નિસર્ગ ની કૃવિતાઓ માં કે વિશેષણમાં જે જોવા મળતી ઘટનાઓ નો આ સમયે કચ્છમાં સાક્ષાત્કાર થઈ રહ્યો છે. આકાશ, જળ અને ધરતી સાથે વાયુ નો અનેરો સંગમ કચ્છમા વર્તાઈ રહ્યો છે. ખાસ કોરોના ના કારણે કચ્છમાં પધારેલ પુણે, મુંબઈ, નાશિક કે ભારત ના અન્ય વિસ્તાર ના વતન પ્રેમીઓ ને દુઃખાળ અને રજા ની વિષમતા નો તો અણસાર પણ આવવા નથી દીધો. જાણે કે તેઓ નિસર્ગ ના અનુપમ સૌંદર્ય થી ભરપૂર એવા યુરોપ કે સ્વિટ્ઝર્લૅન્ડ માં જ રહેવા ગયા હોય તેવી અનુભૂતિ કરી રહ્યા હશે. મેઘરાજા અને ધરતીમાતા ના અલૌકીક પુલકિત સ્નેહ સ્વરૂપે કચ્છ નવોઢા ના શૃંગાર પારણ કરવાથી નવપલ્લીત બન્યું છે. ઘણા દિવસો થી આપણે સનાતન ધર્મ પત્રિકાની દરરોજ ની પૂર્તિઓ માં વરસાદ થકી પાણી ના કલરવ સાથે ટિલ્લોલ કરતાં હશું.

કરછના આકાશ માં જે અનુપમ સૌંદર્ય સર્જાયું છે, એ સમગ્ર ભારત કે વિશ્વમાં રહેતા સનાતની શાતિ જનો આ તસવીરમાં નિહાળી શકશે. આ તસ્વીર માં રવાપર મધ્યે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ મંદિર ના શિખર સાથે મેઘધનુષ ના સાતે રંગો નુ નયનરમ્ય દ્રશ્ય જોઈ ને આપને ચોક્કસ થશે કે, હાલો ને કચ્છ માં ...!

આપ ને કોઈ બોલાવી રહ્યું છે.. તસ્વીરકાર ને અભિનંદન ...

કાર્યાલય: પ૦૧ - પ૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા દેહગામ રોડ, એસપી રિંગરોડ પાસે, નરોડા - અમદાવાદ ૩૮૨ ૩૩૦. મોબાઈલ: ૭૭૧૮૯૭૭૭૩૪.

કચ્છમાં વરસાદનાં ૪૦ વર્ષનાં લેખાં ઝોખાં

સંકલન : કા. વા. રામાણી, કોટડા(જ).

જાજુ મથે માનવી વિઘો માંડ પવાય...
રઘુવીર રીજે રાજડા તો નવખંડ લીલો થાય...

ચાલુ વર્ષે કચ્છમાં થયેલ અનરાધાર વરસાદ થકી પોતાના જ ૧૯૯૪ જેવા ઘણા વિક્રમો તોડ્યા તો કેટલા નીં પાસે પહોંચ્યો. ચાલુ વર્ષે ૨૧૭ટકા ૩૬ ઈંચ વરસાદ થયો છે છતાં, ૧૯૯૪ માં, ૩૮ ઈંચ નો રેકોર્ડ હજુ અકબંધ છે. કચ્છ નો સરેરાશ વરસાદ ૭૦૦ મિલીમીટર લેખાય છે.

આમ જોઈએ તો કચ્છનો દુષ્કાળ સાથે જૂનો નાતો છે. છેલ્લા ૪૦ વર્ષોના આંકડા જોઈએ તો તેમાં ત્રણ ભાગ કરવા પડે.

૧. સારો વરસાદ ૨. નબળો તથા ૩. દુષ્કાળ ના વર્ષો.

૧૯૯૪ થી છેલ્લા ૪૦ વર્ષનો રેકોર્ડ જોઈએ. (સારું વર્ષ એટલે ૪૦૦ મિલીમીટરથી વધારે વરસાદ).

૧.સારો વરસાદઃ ૧૯૯૦, ૧૯૯૧,૧૯૯૩. ૧૯૯૬, ૧૯૯૨ ,૧૯૯૪, ૧૯૯૭, ૧૯૯૮, ૨૦૦૩, ૨૦૦૬, ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧,૨૦૧૩, ૨૦૧૫, ૨૦૧૭ અને ૨૦૧૯. તથા ચાલુ વર્ષ ૨૦૨૦. આટલા વર્ષો ચોમાસું સારું રહ્યું છે.

૨. નબળા વર્ષોઃ ચાર દાયકામાં ૨૧ વર્ષો, જેમાં ૪૦૦ મિ. મી. થી ઓછો વરસાદ થયો એવા ૧૯૮૨, ૧૯૯૪,૧૯૯૫, ૧૯૯૬, ૧૯૮૭, ૧૯૯૦, ૧૯૯૧, ૧૯૯૩, ૧૯૯૫, ૧૯૯૬, ૧૯૯૯, ૨૦૦૦, ૨૦૦૧, ૨૦૦૨, ૨૦૦૪, ૨૦૦૫, ૨૦૦૮, ૨૦૧૨, ૨૦૧૪, ૨૦૧૬, અને ૨૦૧૮. આ વર્ષો નબળા વરસાદનાછે.

૩. દુષ્કાળના વર્ષોઃ જે વર્ષ દરમિયાન માત્ર વધુ માં વધુ ૧૧૪ મિલીમીટર વરસાદ થયો એવા પાંચ વર્ષોની વિગતો જોઈએ તો ૧૯૮૩માં ૧.૮૮ મિ.મી. ૨૦૦૦ માં ૨ મિ. મી. ૧૯૯૧ માં ૯૩ મિ.મી. ૨૦૧૮ માં ૧૧૧ મિ.મી. અને ૧૯૯૩માં ૧૧૪ મિ.મી. માત્ર થયો છે.

ચાલુ વર્ષની વિગતો જોઈએ તો આ વર્ષે ચોમાસુ સપ્ટેમ્બરમાં વિદાય લેશે તેવું નિષ્ણાતો જણાવે છે. ભુજમાં વિક્રમી વરસાદ ૯૪૮ મિ. મી. અંજરમાં ૧૧૨ ઈંચ મિ. મી. થયો.

મુન્દ્રા માં અતિ વરસાદના કારણે ગેલ માં આવેલા ખેડૂતોને પાકો નિષ્ફળ જતાં નુકસાનના કારણે રોવાનો વારો આવ્યો છે.

ભચાઉમાં પણ ખૂબ વરસાદના કારણે ખેતરો તથા રોડ રસ્તા ઉપર ચારથી પાંચ ફૂટ પાણી ભરાતાં ખૂબ પોવાણ થયું છે. ખેતરોમાં પાક પાણીમાં ડૂબી જવાથી નિષ્ફળ જવાની ભીતિ છે.

નખત્રાણા પંથકમાં ૩મી, તળાવી છલકાઈ ગયાં તથા ગામોમાં પાણી ફરી વળ્યાં હતાં. ચાલુ વર્ષે વરસાદ આકત નોતરે તેવું ન્હતું જણાવી રહ્યા છે, ત્યારે માલધારીઓ માટે આશીર્વાદ રૂપ છે.

૨૫ ઈંચ વરસાદ થી લખપત ધુડલી માર્ગ ઠેર ઠેર પોવાઈ ગયો છે તો સરહદી વિસ્તારના માર્ગો બંધ થયા છે.

ગાંધીધામમાં મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાતાં લોકોને રસોઈ કક્યાં કરવી, એવી મુશ્કેલી માં મુકાયા છે. નજક ના ડિડાણ નું તળાવ ઓગને તો હેઠવાસના રહીશો નું સ્થળાંતર પણ એક યલ્પક્ષ બન્યો છે. ગાંધીધામમાં ભારે પવન સાથે વરસાદના કારણે જુના લોતિંગ વૃક્ષો પડતા રસ્તાઓ અવરોધાયા હતા.

મંગળવારે મેઘો મંદ પડ્યો છતાં અમુક વિસ્તારોમાં ઝાપટાં રૂપે તો ઘણે ઠેકાણે પોણા ત્રણ ઈંચ વરસાદ પડ્યો છે, જેમાં લખપત તાલુકાનો ૧૯ મીમી, મોખરે છે ભાઈ ૯ તાલુકામાં ઝરમેર તથા ઝાપટા રૂપે પાણી પડ્યું છે.

બેગાળની ખાડી ની સિસ્ટમ પાકિસ્તાન તરફ ફંટાતાં રાહત મળ્યા ના અહેવાલ છે ત્યારે નખત્રાણા પંથકમાં મંગળવારે ૮ મિ.મી. ગાંધીધામમાં ૨૩ મિ.મી. ભચાઉ માં ૧૨ મિ.મી. રાપરમાં ૧૨ મિ.મી. માંડવીમાં ૬ મિ.મી. મુદ્રામાં ૮ મિમી નોંધાયો છે જ્યારે રવાપર વિસ્તારમાં બે ઈંચ નોંધાયો. ભુજમાં વધુ ૨૩ મિ.મી. નોંધ પડી. ખાવડા વિસ્તારમાં વધુ બે થી અઢી ઈંચ વરસાદ પડતા લોકોને સ્થળાંતર કરવું પડ્યું.

આમ હવે કચ્છના લોકો કહે છે કે "હે મેઘરાજ હવે ખમૈયા કરો, વિસામો લો...

જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા

૨૩-૦૮-૨૦
HAPPY BIRTHDAY

શ્રી ડાહ્યાભાઈ જીવરાજભાઈ કાલરીયા
ઉમરેઠ - 'એક કર્મઠ વીડર'
- SPR, 94262 76213

જન્મ દિવસ નિમિત્તે સુદિર્ઘ અને નિરામય જીવન ની શુભ કામનાઓ પાઠવીએ છીએ, આપણી વ ડુલોટી થી ઉમિયા મા સાધના કાર્યો માટે સાહસ અને સંપ્રવતા ઝર્ષે એવી પ્રાર્થના...

પ્રચાર પ્રસાર સમિતિ

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત "સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા. ૨૫.૦૮.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૮૭:

ગાડીઓ નાં ટાયર માટે પ્રસિદ્ધ MRF નું ફુલ ફોર્મ શું છે...?

સાચો જવાબ : મદ્રાસ રબર ફેકટરી (MRF)

સાચો જવાબ આપનાર વિજેતા : ભાવેશ ચૌહાણ - કંડલા. 94275 44308

ગઈકાલ તા.૨૬.૦૮.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૮૮:

કેટલા સેન્ટીમીટર કે ઈંચ વરસાદ થયો, એ માપવા માટેના સાધન ને શું કહેવાય છે... ??

આજના પ્રશ્ન નંબર ૮૮ માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જીતો ઈનામ ...

આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

આજે વિશોષ મુકામે સંત શ્રી ખેતાબાપા સંસ્થાન મધ્યે સંત સરોવર ને ગામ ના સરપંચ શ્રી બચુભાઈ હીરજી નાયાણી ધ્વારા વધામણાં કરવામાં આવ્યા

નેત્રા વાસીઓ એ ઉજવી માં જોગમૈયા ની ભાદરવા સુદ આઠમ

- ભવનભાઈ જાદવાણી, હમરેજ.

શ્રી જોગમૈયા માતાજી

તા. ૨૬ ઓગસ્ટ ના રોજ માતા જોગમૈયા" ની ભાદરવા સુદ આઠમની ભારતભરમાં વસતા સૌ નેત્રાવાસી પરિવારોજનો એ હાલમાં ચાલી રહેલ વૈશ્વિક કોરોના વાયરસના સંક્રમણના લીધે પોત પોતાના ઘરોમાં ખૂબજ સુંદર રીતે ઉજવણી કરી હતી.

શ્રી સમાજના પ્રમુખ શ્રી, અબજીભાઈ કાનાણી એ સમગ્ર ભારતભરમાં વસતા નેત્રા વાસીઓને આ પ્રસંગે શુભેચ્છાઓ પાઠવી હતી.

જોગમૈયા માતાજની કૃપાથી દરેક ગામવાસી સુખ-શાંતિ-સમૃદ્ધિ મેળવે... સાથે સાથે આ વૈશ્વિક કોરોના મહામારી ને નાથવા આજના આ ભાદરવી આઠમના શુભ દિને દરેકથી પોતાના જ ઘરે રહી સ્તુતિવંદના કરી હતી...

ઘર ઘર મા જોગમૈયાનાં આ ઉત્સવને કોરોના મહામારી નાં વાતાવરણ વચ્ચે પણ ઉમંગભેર ઉજવ્યો હતો.

આ પ્રસંગે નેત્રા પાટીદાર સમાજના પ્રમુખ શ્રી વિનાયકાંત રવાણી એ બહારગામ વસતા સૌ લોકોને શુભેચ્છાઓ સાથે મહામારીથી બચીને રહેવા માટે સુચવેલ હતું...

ધરમા જ રહીએ, કામ સીવાય બહાર ન નીકળીએ.

સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ.
માસ્ક પહેરવાનું ન ભૂલીએ.
મેળાવડાઓ ન કરીએ.
બાળકો વડીલોનું વધુ ને વધુ ધ્યાન રાખીએ.

કિતના સત્ય હૈ ના.....

- રમેશ કી વાગાણી. ભાણિક.

भक्ति जब भोजन में प्रवेश करती है,
भोजन प्रसाद बन जाता है।
भक्ति जब भूख में प्रवेश करती है,
भूख व्रत बन जाती है।
भक्ति जब पानी में प्रवेश करती है,
पानी चरणामृत बन जाता है।
भक्ति जब सफर में प्रवेश करती है,
सफर तीर्थयात्रा बन जाता है।
भक्ति जब संगीत में प्रवेश करती है,
संगीत 'कीर्तन' बन जाता है।
भक्ति जब घर में प्रवेश करती है,
घर 'मन्दिर' बन जाता है।
भक्ति जब कार्य में प्रवेश करती है,
कार्य 'कर्म' बन जाता है।
भक्ति जब क्रिया में प्रवेश करती है,
क्रिया 'सेवा' बन जाती है।
भक्ति जब व्यक्ति में प्रवेश करती है,
व्यक्ति 'भानव' बन जाता है।
भक्ति जब युवा में प्रवेश करती है,
युवा 'कर्मवीर' बन जाता है।
और....
भक्ति जब युवाओ में प्रवेश करती है,
युवाओ का 'युवासंघ' बन जाता है।

प्रेरणात्मक ... आपणे सौअे अपनावावा जेवुं ...

તા :- ૨૩/૦૮/૨૦૨૦

શ્રી દિનેશ કુમાર રતનશીભાઈ કાલરીયા, ખેલાણ - UGR, 94263 74141

પ્રતિનિધિ :- નિલેશ સુરાણી, નલોદ.

પોતાના ૨૪-૮-૨૦૨૦ ના રોજ જન્મદિવસ નિમિત્તે સનાતન ધર્મ પત્રિકા ના આજીવન સભ્ય બની સમાજ પ્રત્યેની પોતાની ફરજ અને લાગણી વ્યક્ત કરી છે.

શ્રી સમાજ અને યુવાસંઘ તેમનો આભાર માણે છે જન્મ દિવસની ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવે છે.

મેઘલાડું

અવસાન નોંધ

તા. ૨૯-૦૮-૨૦૨૦

સ્વ. ભીમજીભાઈ માવજી લિંબાણી,
ઉમર વર્ષ-૮૭, કચ્છ-મધલ, હાલે-નિરુપતિ.

સ્વ. અરજણભાઈ ગોપાલભાઈ દિવાણી,
ઉમર વર્ષ-૮૧, કચ્છ-વિથોણ, હાલે-મોરબી.

કાર્યાલય: પ૦૧ - પ૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા દેહગામ રોડ, એસપી રિંગરોડ પાસે, નરોડા - અમદાવાદ ૩૮૨ ૩૩૦. મોબાઈલ: ૭૭૧૮૯૭૭૭૩૪.